<u>ક્રિ. ૫.અ.નં. ૧૦૪/૨૦૨૫</u>

## –:આંક :૧ હેઠળ હુક મ :–

(૧) આ કામના અરજદાર : ફરઝાનાબેન ભીખાભાઈ બંગાનાઓએ આ કામના સામાવાળા : રજાકભાઈ દાઉદભાઈ બાકરોલીયા વિગેરેનાઓ પાસેથી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અન્વયે પરચૂરણ ફોજદારી અરજી નં ૫૪/૨૦૧૮ ની દાખલ કરેલ જે અન્વયે કરવામાં આવેલ હુકમ અનુસાર અરજદારની ચડત ભરણપોષણની રકમ તા. ૧૫/૦૭/૨૦૨૪ થી ૧૫/૦૭/૨૦૨૫ સુધીના એમ કુલ ૧૨ માસની રકમ વસુલ મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) હાલની અરજી મુજબ અરજદારે સામાવાળા પાસેથી પરચૂરણ ફોજદારી અરજી નં. ૫૪/૨૦૧૮ થી ભરણપોષણમાં વધારો મેળવવા માટે તા. ૦૮/૧૦/૨૦૧૮ ના રોજ અરજી દાખલ કરેલી. જે નામ કોર્ટે તા. ૨૯/૦૬/૨૦૨૪ ના રોજ અંશત: મંજુર કરેલી. જેમાં અરજદારને રૂા. ૪,૦૦૦/– નો વધારો કરી માસીક ભરણપોષણ રૂા. ૫૫૦૦/– સામાવાળાએ ચુકવવાનો હુકમ કરવામાં આવેલો. તે રકમ પ્રકી તા. ૧૫/૦૭/૨૦૨૪ થી તા. ૧૫/૦૭/૨૦૨૫ સુધીના ૧૨ માસના માસીક રૂા. ૫૫૦૦/– લેખે કુલ રૂા. ૬૬,૦૦૦/– સામાવાળા ચૂકવી આપે અગર તેની હરકોઈ પ્રકારની જાત મિલકતમાંથી વસુલ લઈ અપાવવા અરજ કરેલ છે.

(૩) અરજી દાખલ થતાં સામાવાળાઓને આંક– ૪ વાળી નોટીસ કરતાં તેઓને સદર નોટીશ તેઓને બજી ગયેલ ત્યારબાદ તેઓ અત્રેની કોર્ટમાં ચાલતી રીકવરીની બીજી અરજીમાં હાજર થતા હોય સદર અરજી અંગે તેઓને જાણ કરવામાં આવેલ. ત્યારબાદ બે મુદત તેમને વકીલ રોકવા આપેલ પરંતુ ત્યારબાદ તેઓ હાજર રહેલ નથી. આમ, સામાવાળાઓને નોટીશ બજવા છતા

હાજર રહી અરજીમાં જણાવ્યા મુજબની ચડત રકમ અરજદારને ચુકવી આપેલ નથી.

(૪) અરજદાર પક્ષે વિ.વશ્રી.ને સાંભળ્યા. અરજદાર પક્ષે થયેલી રજુઆતો ધ્યાને લેતાં ફો.પ.અરજી નં. ૫૪/૨૦૧૮ ના કામે થયેલ હુકમ મુજબ અરજદારને ભરણપોષણની રકમ ચુકવવાની સામાવાળા ની ફરજ બને છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રીમીનલ રીવીજન અરજી નં. ૨/૦૮ ના કામે ઠરાવેલ છે કે, ભરણપોષણ હેઠળહુકમ કરવા માટે હકુમત ધરાવતા મેજીસ્ટ્રેટને ભરણપોષણની રકમ નહી ભરનારને ક્રી. પ્રો.કોડની કલમ–૧ ૨૫(૩) હેઠળ દરેક એક માસના ડીફોલ્ટ માટે ત્રીસ દિવસની કેદની સજા કરવાના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં હાલના કેસમાં સામાવાળા રજાકભાઈ દાઉદભાઈ બાકરોલીયાનાઓએ અરજદારને ભરણપોષણ પેટની કુલ રકમ રૂા. ૬૬,૦૦૦/–હાલની અરજી કર્યા સુધી હુકમ મુજબની કોઈ રકમ ચુકવી આપેલ નથી. એટલે કે ૧૨ માસની ચડેલ ભરણપોષણની રકમ ભરપાઈ કરવા માટે ડીફોલ્ટ થયેલ છે. સામાવાળાની  અરજદારનુ ભરણપોષણ કરવાની તથા અન્ય જરૂરીયાત પુરી કરવાની પણ જવાબદારી છે અને ભરણપોષણથી તેઓ વંચિત રહેલ છે અને સામાવાળા ભરણપોષણની હુકમ મુજબની રકમ ચુકવવામાં બેદરકાર રહેલ છે તેવા સં જોગોમાં સામાવાળાની વર્તણુંક તથા ઉપરોકત કરેલ ચર્ચા તેમજ હાલના કેસના સંજોગો સાથે પરિસ્થિતિ ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રીમી. રીવીજન અરજી નં.૨/૨૦૦૮ ના કામે આપેલ ચુકાદો ધ્યાને લેતાં તથા બંને પક્ષેની રજુઆત ધ્યાને લઈ આ કામના સામાવાળા નં ૧ ને એક માસના કસુર બદલ દિન–૨૦ લેખે સજા કરવાનુ યોગ્ય અને ન્યાયી લાગતા નીચે મુજબનો હુકમ કરુ છુ.

**-// હુકમ //-**

૧. આ અરજીમાં જણાવ્યા મુજબ સામાવાળા રજાકભાઈ દાઉદભાઈ બાકરોલીયાનાઓએ અરજદારને તારીખ ૧૫/૦૭/૨૦૨૪ થી તા. ૧૫/૦૭/૨૦૨૫ સુધીના ભરણપોષણના માસીક રૂા. ૫૫૦૦/- લેખે ૧૨ માસના કુલ રૂા. ૬૬,૦૦૦/-પુરા ચૂકવવામાં નિષ્ફળ જતાં તેઓને ચડેલ ભરણપોષણની તથા અરજીના ખર્ચના અને વળતરની રકમ ચૂકવવાનાં કસુર બદલ એક માસના દિન-૨૦ લેખે ૧૨- માસના કુલ-૨૪૦ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સામાવાળા વિરૂધ્ધ જેલ વોરંટ ઈસ્યુ કરવું.

૩. સદરહુ જેલ વોરંટની યોગ્ય અમલવારી કરી અત્રેની કોર્ટને રિપોર્ટ કરવા અંગેની સંબંધિત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

૪. જો સામાવાળા બાકી ચડત ભરણપોષણની રકમ અરજદારને ચૂકવી આપે તો તેને સત્વરે મુકત કરવો અને તેની જાણ અત્રેની અદાલતને ત્વરીત કરવી. તે સંબંધે જેલરશ્રીને અલગથી યાદી કરવી.

હુકમ આજ તારીખ : ૨૦ મી, માહે : જુન, સને : ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી- સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : મેઘરજ
તા.૨૦/૦૬/૨૦૨૬

(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)
એડીશનલ સીવીલ જજ અને
જયુ.મેજી.ફ.ક., મેઘરજ
જીજે૦૧૪૦૮